# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૦૦ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", એનેક્ષી, ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૩૯૧૭૭૭૭ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.com Website : www.sgcci.com


રેફ નં. તા: ૦૯/૧૦/૨૦૦૯

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.
લિ.
આપનો વિશ્વાસુ,

( ડે.સેક્રેટરી )

---

## ચેમ્બરની લેડિઝ વિંગ દ્વારા "ફેશન એઝ અ કરીયર" વિષે સેમિનાર યોજાયો

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની લેડિઝ વિંગ દ્વારા મહિલાઓ માટે એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મહિલાઓને ફેશનના વિવિધ માધ્યમોથી રોજગાર મેળવવા માટેની વિભિન્ન તકોની જાણકારી આપવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆતમાં ચેમ્બરની લેડિઝવિંગના ચેરપર્સન શ્રીમતિ અંજલીબેન શાહે આમંત્રિતોનું સ્વાગત કરતા કહયું હતું કે ફેશન, જીવનના દરેક તબકકામાં વિશિષ્ટતા ધરાવે છે અને આજે દરેક વયમાં તેની ખુબ જ અગત્યતા છે. આજે ફેશન ડિઝાઈનિંગને વ્યવસાયિક ધોરણે વિકસાવવાની ઉજજવળ તકોના સંદર્ભમાં કુ. નિકિતા ઠક્કરે ફેશનના જુદા જુદા પાસાઓનું ચિત્રણ કરી ઉપસ્થિત સભ્યોને માહિતીપ્રદ જાણકારી આપી હતી.

ફેશનના મુખ્ય વિભાગો જેવા કે બ્રાઈડલ વેર, ફયુઝન વેર, કોસ્મેટીકસ, કોસ્ચ્યુમ ડિઝાઈનિંગ તેમજ જવેલરી ડિઝાઈનિંગના વિવિધ અંગોનું વિશેષ ચિત્રણ કર્યુ હતુ. ભાગ લેનાર સર્વે સભ્યોએ અનેક વિધ પ્રશ્નો દ્વારા વિસ્તૃત જાણકારી મેળવી હતી અને વ્યવસાઈ રૂએ ફેશનના અનેક અંગોમાંથી કોઈપણ એક અંગને વિકસાવી પોતાનું કેરીયર બનાવવા માટે તિવ્ર ઈચ્છા ધરાવી હતી.

અંથમાં લેડિઝ વિંગના કો.ચેરપર્સન શ્રીમતી રેશ્માબેન માંડલેવાળાએ આભારવિધિ આટોપી હતી.